# જુનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન

"સ્વામિવિવેકાનંદ ભવન", આઝાદ ચોક, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં.૦૨૮૫-૨૬૨૨૦૮૯, ફેકસ નં.૦૨૮૫-૨૬૫૧૫૧૦

E- mail - municipalcorporationjund@yahoo.co.in


નં.મ.ન.પા.જુ./એ.ડી.એમ./મહેકમ/સીધી ભરતી/ન્યુનતમ ગુણ/૧૫૧૩/૨૦૨૪ તા. ૨૭/03/૨૦૨૪

વંચાણે લીધાઃ –

૧. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ની જાહેરાત ક્રમાંકઃ૨૧૨/૨૦૨૩૨૪

૨. ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર ની જાહેરાત ક્રમાંકઃ૧૩૭/૨૦૨૦/૨૧

## પરિપત્રઃ

**જુનાગઢ** મહાનગરપાલિકા હસ્તકની અર્બન હેલ્થ સોસાયટીની વર્ગ-૧ થી વર્ગ-૩ ની આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા કાયમી સેટઅપની મંજુર કરેલ જગ્યાઓને સ્પર્ધાત્મક પરીક્ષા મારફત સીધી ભરતીથી ભરવા અને જુનાગઢ મહાનગરપાલિકાની વર્ગ-૩ થી વર્ગ-૪ ની મંજુર થયેલ સેટઅપની ખાલી જગ્યાઓને સ્પર્ધાત્મક પરીક્ષા મારફત સીધી ભરતીથી ભરવા આપવામાં આવેલ. સ્પર્ધાત્મક પરીક્ષામાં જુદી જુદી કેટેગરીના આવેલ ઉમેદવારોને મેળવેલ ગુણના આધારે મેરીટ નક્કિ કરવાનું હોય, જેથી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ અને ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષામાં લઘુતમ લાયકી એટલે કે લઘુતમ મેળવેલ ગુણ નક્કિ કરવામાં આવેલ છે અને તેનાથી ઓછા ગુણ મેળવેલ ઉમેદવારોને આગળની પ્રક્રિયામાં સમાવેશ કરવામાં આવતા નથી. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા વર્ગ-૩ ની જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની જાહેરાત ક્રમાંકઃ૨૧૨/૨૦૨૩૨૪ના **૧૦(બ)માં લઘુતમ લાયકી ધોરણ**માં ઉમેદવારે આપેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે. ઉમેદવારો માટે સ્પર્ધાત્મક પરીક્ષામાં લઘુતમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦ ટકા માર્કસ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઇપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતા ઓછું ન્યુનતમ ગુણવત્તા ધોરણ કોઇપણ સંજોગોમાં નક્કિ કરી શકાશે નહી. તેવુ સ્પષ્ટ દર્શાવેલ છે. જયારે ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા જાહેરાત ક્રમાંકઃ૧૩૭/૨૦૨૦/૨૧ના ૧૯(૫)માં વર્ગ-૨ ની સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉમેદવારે ૨૫ ટકા થી ઓછા ગુણ મેળવશે તો તેવા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે વિચારણામાં લેવામાં આવશે નહી. જયારે અનુ.જાતિ અને અનુ.જનજાતિ વર્ગના ઉમેદવારો ૨૦ ટકાથી ઓછા ગુણ મેળવશે તો તેવા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે વિચારણામાં લેવામાં આવશે નહી. તેવુ સ્પષ્ટ દર્શાવેલ છે. જે મુજબ જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા અગાઉ સીધી ભરતીથી જગ્યાઓ ભરવા જાહેરાત બહાર પાડવામાં આવેલ અને ભવિષ્યમાં પણ સીધી ભરતીથી જગ્યાઓ ભરવા જાહેરાત બહાર પાડવામાં આવે તે તમામ સીધી ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષામાં ન્યુનતમ ગુણ નીચે મુજબ નક્કિ કરવામાં આવે છે.

- વર્ગ-૧ થી ૨ ના ઉમેદવારો માટે સ્પર્ધાત્મક પરીક્ષાના કુલ ગુણના મેળવવાપાત્ર ન્યુનતમ ગુણઃ

**"ઉમેદવારે કસોટીના કુલ ગુણના ૨૫ ટકા ગુણ મેળવવાના રહેશે. જયારે અનુ.જાતિ અને અનુ.જનજાતિ વર્ગના ઉમેદવારોએ કસોટીના કુલ ગુણના ૨૦ ટકા ગુણ મેળવવાના રહેશે. તેનાથી ઓછા ગુણ મેળવનાર ઉમેદવાર આગળની પ્રક્રિયા માટે કવોલીફાઇ થઇ શકશે નહી."**

* વર્ગ-૩ થી ૪ ના ઉમેદવારો માટે સ્પર્ધાત્મક પરીક્ષાના કુલ ગુણના મેળવવાપાત્ર ન્યુનતમ ગુણઃ

"તમામ કેટેગરીના ઉમેદવારો માટે કસોટીના કુલ ગુણના ન્યુનતમ ગુણ ૪૦ ટકા રાખવામાં આવે છે. તેનાથી ઓછા મેળવેલ ગુણ વાળા ઉમેદવારોને કોઇપણ સંજોગોમાં આગળની પ્રક્રિયા માટે કવોલીફાઇ થઇ શકશે નહી."

આમ, મહાનગરપાલિકા, જુનાગઢ દ્વારા સીધી ભરતીમાં સ્પર્ધાત્મક પરીક્ષાના તમામ ઉમેદવારો માટે ન્યુનતમ ગુણ વર્ગ-૧ અને ૨ માટે તથા વર્ગ-૩ અને ૪ માટે ઉકત વિગતે નક્કિ કરવામાં આવે છે. ન્યુનતમ ગુણ હાલમાં તા.૨૭/૧/૨૦૨૪ અને તા.૨૮/૧/૨૦૨૪ ના રોજ લેવાયેલ સ્પર્ધાત્મક પરીક્ષાના તમામ ઉમેદવારો અને હવેપછી લેવાનાર તથા ભવિષ્યમાં પણ સ્પર્ધાત્મક પરીક્ષા મારફત તમામ સીધી ભરતીમાં કુલ ગુણના ન્યુનતમ ગુણ ઉકત વિગતે રહેશેઃ જેનો આથી પરિપત્ર કરવામાં આવે છે.

મ્યુનિસિપલ કમિશનર

મહાનગરપાલિકા, જુનાગઢ

પ્રતિ,

મહેકમ અધિકારીશ્રી

મહેકમ શાખા, મહાનગરપાલિકા, જુનાગઢ

..... ઉકત વિગતે થયેલ પરિપત્રની જાણ લગત એજન્સી અને સીધી ભરતી કમીટીને કરવા જાણ સારૂ.

નકલઃ –

મ્યુનિસિપલ સેક્રેટરીશ્રી, મહાનગરપાલિકા, જુનાગઢ

....... ઉકત વિગતે થયેલ પરિપત્ર સ્થાયી સમિતી અને જનરલ બોર્ડના ધ્યાને મુકવા સારૂ.

કોમ્પ્યુટર શાખા, મહાનગરપાલિકા, જુનાગઢ

...... ઉકત પરિપત્ર મહાનગરપાલિકા, જુનાગઢની વેબસાઇટમાં અપલોડ કરવા સારૂ.